





**જીલ્લા રાસ-ગરબા સ્પર્ધા** - ગાંધીનગર જીલ્લા રાસ-ગરબા સ્પર્ધામાં પ્રાચીન કેટેગરીમાં મલ્હાર ગૃપ, અર્વાચીન કેટેગરીમાં પનઘટ કલા કેન્દ્ર અને રાસ કેટેગરીમાં ઉત્સવ ગૃપના કલાકારો પ્રથમ સ્થાને વિજયી બન્યા હતા. આગામી મહિને યોજાનાર રાજ્યકક્ષાની સ્પર્ધામાં આ ત્રણેય ગૃપના કલાકારો ગાંધીનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. નવરાત્રીના આગમનને માત્ર ૨૯ દિવસ બાકી છે ત્યારે રાસ-ગરબાનો માહોલ જામવા લાગ્યો છે... એક સમયે ખૂબ જ પ્રતિષ્ઠાજનક ગણાતી રાસ-ગરબા સ્પર્ધામાં વહીવટી તંત્રની ઉદાસીનતાના પગલે ખૂબ ઓછા કલાવૃંદો ભાગ લે છે... રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહક ગ્રાન્ટ પણ નજીવી અપાય છે... કલાકારોને પ્રોત્સાહન માટે લ્હાણી, ઈનામો મર્યાદીત હોવાને કારણે કલાકારોને રસ ઓછો થતો જાય છે... ગાંધીનગર શહેરમાં અનેક ગરબા ગૃપો કાર્યરત છે, એટલુ જ નહિ નિયમિત ગરબાના વર્ગો પણ ચલાવે છે... પરંતુ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગૃપો ઉદાસીન બનતા જાય છે... આમ છતાં નવરાત્રીના જોમ-જુસ્સાનો પ્રારંભ જીલ્લા રાસ-ગરબા સ્પર્ધાથી થાય છે એમા બે મત નથી.... **(તસવીર : દિપક જાની)**

# સેક્ટર-૩ માંથી સ્વાઈન-ફ્લુ પોઝીટીવનો કેસ મળ્યો

**દર્દી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ : સિવિલમાં આજથી સ્વાઈન-ફ્લુ માટે ખાસ ઓ.પી.ડી. બનશે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના સે. ૩માંથી એક સ્વાઈન ફ્લુ પોઝીટીવનો કેસ મળી આવતાં તંત્ર હરકતમાં આવ્યું છે. શહેરમાંથી આ નવી સીઝનનો પ્રથમ કેસ મળ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૩ કેસ નોંધાયા છે અને ૩ એ દર્દીઓ કલોલના છે. શહેરમાંથી પ્રથમ કેસ મળ્યો છે અને તે દર્દી સારવાર માટે ગાંધીનગર શહેર નજીકની એક ખાનગી હોસ્પિટલમાં છે. જ્યાં દર્દીની તબિયત સારી હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા સે. ૩માં દર્દીના મકાનની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે પણ કોઈ શંકાસ્પદ કેસ પણ મળેલ નહિ હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ માટે બે અલાયદા વોર્ડ બાદ હવે સ્વાઈન ફ્લુને લઈ ખાસ ઓ.પી.ડી. પણ શરૂ કરવાનો નિર્ણય સિવિલ સત્તાવાળાઓએ કર્યો છે.

આ ઓ.પી.ડી. મંગળવારથી કાર્યરત કરી દેવામાં આવશે તેમ સિવિલના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. વારંવાર બદલાતા હવામાનને લઈ આ વખતે સ્વાઈન ફ્લુના કેસો મળવાની સંભાવનાઓ વધી રહી હોવાનું જાણવા મળેલ છે.

# ગુડા વિસ્તારમાં ૨.૯૫ કરોડના ખર્ચે એલ.ઈ.ડી. લાઈટના પોલ્સ ફીટ કરાશે

**રસ્તાનુ કામ પૂર્ણ થઇ ગયુ હોય તેવા વિસ્તારમાં સ્ટ્રીટ લાઇટનુ કામ પૂર્ણ કરાશે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના કામો હાથ ધરવામાં આવશે. જે વિસ્તારમાં રસ્તાના કામો પૂર્ણ થઈ ગયા છે. ત્યાં હવે એ લી ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાશે. આ કામગીરી પાછળ રૂ ૨. ૯૫ કરોડનો ખર્ચ થશે.

ગુડા વિસ્તારમાં વિવિધ વિકાસના કામો ઉપરાંત માળખાગત સુવિધાને અનુલક્ષીને પણ કામગીરીને વેગ આપવાનો નિર્ણય લેવાયો છે. ગુડા વિસ્તારમાં પાણી ગટરના કામો ઉપરાંત રસ્તાની સુવિધા ઉભી કરવા માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ગંદકીની સમસ્યાને દુર કરવા નમુના રૂપ કચરા નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# પાણી-ગટર વેરા અન્વયે પોણા બે કરોડના માંગણા સામે માત્ર ૫૦ ટકા જ વસુલાત

**બાકીદારોને નોટીસ આપ્યા બાદ પણ વેરો ભરપાઈ નહીં કરવામાં આવે તો જોડાણ કપાશે**

ગાંધીનગર તા ૧૪

શહેરમાં પાણી ગટર વેરાની વસુલાત અન્વયે માત્ર ૫૦ ટકા જ વસુલાત થઈ છે. શહેરી વિસ્તાર તેમજ સમાવિષ્ટ ગામોમાંથી વેરાની વસુલાત અન્વયે મોટો આંકડો તંત્રના ચોપડે ઉધાર છે. અંદાજિત રૂ ૧.૭૫ કરોડની વસુલાતના માંગણા સામે ૬૨ લાખ જેટલી વસુલાત બાકી છે. વસુલાતના બાકીદારો પાસેથી વેરો વસુલવા માટે તંત્ર દ્વારા ટુંકમાં નોટીસ ફટકારવામાં આવશે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની બાકી વસુલાત અન્વયે તંત્રના ચોપડે બાકીદારોની મોટી ઉધારી છે. શહેરના જુના સેકટરોમાં સે ૧૪ થી ૩૦માં વેરા વસુલાત ક્ષેત્રે ૯૦ લાખ જેટલુ માંગણુ હતુ. જયારે તેની સામે ગત વેરા વસુલાત ઝુંબેશના અંતે ૪૫ લાખ જેટલો વેરો વસુલવામાં આવ્યો છે. જેમાં સેકટરો ઉપરાંત બોરીજ પાલજ બાસણ અને આદીવાડા સહિતના ગામોનો સમાવેશ થાય છે.અલબત્ત જુના સેકટરોમાં વસુલાત અન્વયે માત્ર ૫૦ ટકા જેટલી જ ઉઘરાણી થઈ છે. જયારે નવા સેકટરોમાં પણ વસુલાતના મામલે તેવુ જ ચિત્ર છે. જેમાં નવા સેકટર ૧ થી ૧૩ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ કુલ અંદાજિત રૂપિયા ૧ કરોડની વસુલાત બાકી હતી. જયારે વેરા વસુલાત ઝુંબેશના અંતે રૂપિયા ૬૦ લાખની વેરા વસુલાત કરવામાં આવી છે.ગાંધીનગરામાં અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ છે.

જયારે દરવર્ષે થતી વેરા વસુલાતની ઝુંબેશના અંતે તદન નબળી કામગીરી થતી હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. જો કે આ વખતે વેરા વસુલાત અન્વયે બાકીદારો સામે કડક રાહે કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. જેના અંતે વેરાના બાકીદારોને નોટીસ આપવા ઉપરાંત પાણીના જોડાણ કાપવા સુધીના પગલા લેવામાં આવશે. પાણી ગટર વેરા અન્વયે તંત્રના ચોપડે જુની ઉધારી પણ મોટી છે. ત્યારે પ્રતિવર્ષ આ આંકડો વધતો જતો હોવાનુ પણ મનાઈ રહયુ છે.



**મહાવીર જયંતિ** - પર્યુષણના પાવન પર્વે સોમવારે મહાવીર જયંતિની ઉજવણી જૈન દેરાસરમાં ઉલ્લાસપૂર્વક કરાઈ હતી. ભગવાન મહાવીરની મૂર્તિને નયનરમ્ય આંગી કરાઈ હતી. **(તસવીર : દિપક જાની)**

# ટાવર કોલોનીના નિર્માણ માટે ટેન્ડર મંજુરીમાં વિલંબ

**જુના સેકટરોમાં ટાવર કોલોની બનાવવા ૧૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરના સેકટરોમાંથી નિકાલ હેઠળના મકાનોનો કડુસલો બોલાવાયા બાદ હવે સે-૨૯ અને ૩૦ માં ટાવર કોલોની બનાવવાનુ કામ હાથ ધરવામાં આવશે. જો કે ટેન્ડર પ્રક્રીયાના અંતે પણ વિભાગ કક્ષાએથી ટેન્ડરને મંજુરી ન અપાતા ટાવર કોલોનીનુ કામ વિલંબમાં પડયુ છે.

સેકટરોમાં મોટાભાગના સરકારી મકાનોની હાલત બિસ્માર છે. જયારે ખંડેર અને ભયજનક ભાસતા મકાનો પણ તોડી પાડવાનો નિર્ણય લેવાયા બાદ આખરે વર્ષોના અંતે સમસ્યાનુ સમાધાન આવ્યુ છે. શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી ભયજનક અને જોખમી મકાનો તોડી પાડવા માટે અગાઉ વિભાગ દ્વારા ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. જો કે આ મકાનો લાંબા સમયના અંતે તોડવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે.

જયારે મોટાભાગના મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. નિકાલ હેઠળના મકાનોને સ્થાને શહેરના બે સેકટરોમાં ટાવર કોલોની બનાવવામાં આવનાર છે. સ- ૨૯ અને ૩૦ માં ટાવર કોલોનીનુ બાંધકામ શરૂ કરવા ટેન્ડર પ્રક્રીયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ વિભાગ કક્ષાએથી હજુ ટેન્ડરને મંજુરી ન અપાતા ટાવર કોલોનીનો પ્રાજેકટ મુવ થયો નથી. ટાવર કોલોની બાંધવા માટે રૂ ૧૧૩ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જેમાં મીની કલબ હાઉસ ઉપરાંત રહીશો માટે પાર્કીંગ સહીતની તમામ જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

ટાવર કોલોનીના નિર્માણ બાદ આમ નાગરિકોને સરકારી વસાહતમાં પણ ખાનગી રહેણાંક જેવી સુવિધા પુરી પાડવામાં આવશે.



**(તસવીર : કશ્યપ નિમાવત)**

**પર્યાવરણના લીરેલીરા** - લીલાછમ ગાંધીનગરમાં પ્રદૂષણ વધારવાનું કામ જો કોઈ કરતું હોય તો તંત્ર દ્વારા થાય છે... જાહેરમાં કચરો નહિ સળગાવવાનો હુકમ સુપ્રીમ કોર્ટે કર્યો છે... આમ છતાં ગાંધીનગરમાં છાશવારે સફાઈ તંત્ર દ્વારા જાહેરમાં કચરો સળગાવવાની પ્રક્રિયા યથાવત રહી છે... કેવું સુંદર વન મહેંકી રહ્યું છે... એક તરફ લીલાછમ વૃક્ષો, પર્યાવરણના પહેરેગીર સમા પક્ષીઓના માળાઓ અને ગ્રીન ગાંધીનગરના સપનાનું વાવેતર... આ બધાની એક જ ઝાટકે આગ લગાડી અનેક પ્રશ્નાર્થો શહેરના પર્યાવરણ સામે ઉભા કરાય છે... કેમ અમલ નથી થતો, કોણ અમલ નથી કરતું, કોણ રોકતું નથી...? આ બધા જ પ્રશ્નો સામાન્ય નાગરિકને મુંઝવે છે... આ પ્રશ્નોના જવાબો સકારાત્મક હશે તો નગરનું ભવિષ્ય વધુ હરિયાળું બનાવી શકીશું.... અહીં તો સૂકાની સાથે લીલું પણ બળે છે... કચરા માટેની આગ હરિયાળીને કેટલું નુકસાન કરશે એનો અંદાજ સૌને હચમચાવે છે...

# ગાંધીનગર જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા ૮૭ નિમણુંક પત્રો એનાયત કરાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ દ્વારા ૫૦ તલાટી કમ મંત્રી, નવ જુ.કલાર્ક તથા મલ્ટી પરપઝ હેલ્થ વર્કર તથા ફીમેલ હેલ્થ વર્કર મળી કુલ ૮૭ જેટલાં પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂંક પત્રો પંચાયત રાજયમંત્રી શ્રી જયંતિભાઈ કવાડીયાના હસ્તે આપવામાં આવ્યા હતા.

પંચાયત રાજયમંત્રી શ્રી જયંતિભાઈ કવાડીયાએ જણાવ્યું હતું કે તલાટીની ભરતીમાં પેપર લીક થવાની તથા ફરિયાદોના આધારે સાત જિલ્લાઓમાં તલાટીની ભરતી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રદ કરી હતી.જેમાં સમાવિષ્ટ ગાંધીનગર જિલ્લામાં ફરીથી તલાટીની ભરતી -ક્રિયા હાથ ધરી હતી જેમાં અગાઉ પસંદગી પામેલા ૫૦ તલાટીમાંથી માત્ર ત્રણ ઉમેદવારો તલાટી ભરતીમાં પસંદગી પામ્યા છે.આમ ૪૭ નવા ઉમેદવારો પસંદ થયા છે. તેમણે જણાવ્યું હતું કે તલાટીની ભરતીમાં સાત હજાર અને જુ.કલાર્કની ભરતીમાં ૫૬૦૦ જેટલાં ઉમેદવારોમાંથી ૫૦ તલાટી અને નવ જુ.કલાર્કની પારદર્શક રીતે ભરતી -ક્રિયા હાથ ધરી ગુણવત્તાવાળા અને સક્ષમ ઉમેદવારોની મેરીટના ધોરણે પસંદગી થઈ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના -મુખ શ્રીમતી હીનાબેન પટેલ તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભિમજીયાણીએ સરકારી સેવામાં જોડાયેલા નવનિયુકત કર્મયોગીઓને ગ્રામ -જાની પાયાની સુવિધાઓમાં વધારો થાય અને સેવાકીય ભાવનાથી પોતાની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવા અપીલ કરી હતી.




**પ્રાર્થના સભા**

અમારા પિતાશ્રી **સુમનલાલ ડાહ્યાભાઈ જાની** (લાકરોડા) તા.૬-૯-૨૦૧૫ રવિવારના રોજ દેવલોક પામેલ છે. સદગતની પાર્થના સભા તા.૧૫-૯-૨૦૧૫ ને મંગળવાર સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૮૫૪, ચર્ચ સામે, સેક્ટર-૮, ગાંધીનગર, મો. ૯૮૭૯૦ ૧૦૦૬૧

રમણલાલ મોહનલાલ જાની, અનીલ સુમનલાલ જાની, વૈભવ હરેશભાઈ જાની, કનૈયાલાલ વિશ્વનાથ વ્યાસ (જમાઈ)

રામકૃષ્ણ ડાહ્યાલાલ જાની, જીતેન્દ્ર લક્ષ્મીનારયણ જાની, શુભ વૈભવ જાની, દિનેશકુમાર કાંતિલાલ વ્યાસ (જમાઈ)

હરેશભાઈ સુમનલાલ જાની, પ્રમુખશ્રી અન્નપૂર્ણા શક્તિપીઠ, મહામંત્રી-ગાંધીનગર શહેર કોંગ્રેસ, ગુજરાત વિધાનસભા

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે. સુરેશભાઈ મફતલાલ ભટ્ટ (વાવોલ)

ફર્મ : હોટલ અશોકા ઈન ગાંધીનગર

**શ્રી વરદાયિની માતા સંસ્થા**

**જોઈએ છે**

**- આસીસ્ટન્ટ મેનેજર -**

ગુજરાતી - અંગ્રેજીમાં પત્ર વ્યવહારના જાણકાર, ટેલીના જાણકાર, તથા વહીવટ કુશળ વ્યક્તિ આવકાર્ય છે.

મંદિરમાં પુરો સમય ફાળવી શકે એવા ઉમેદવારે દિન સાતમાં અપેક્ષિત પગાર સાથે અરજી કરવી.

મેનેજર
શ્રી વરદાયિની માતા સંસ્થા
રૂપાલ, જી. ગાંધીનગર



**બનાસ ડેરી બચાવો સમિતિનું આહવાન**

બનાસ ડેરીમાં વર્ષોથી ચેરમેન પદે ચીપકી રહેલા પરથીભાઈ ભટોળ તથા તેમના પુત્ર વસંત ભટોળે કરોડો રૂપીયાનો ભ્રષ્ટાચાર કર્યો છે. પોતાના ભ્રષ્ટાચારને છાવરવા ના. હાઈકોર્ટનો આદેશ હોવા છતાં છેલ્લા એક અઠવાડિયાથી જિલ્લા રજીસ્ટ્રાર તથા તપાસ ટીમને તપાસ કરવાની લેખીતમાં ના પાડેલ છે. આવા ખાઈ બદેલા ચેરમેન તથા તેમના ભ્રષ્ટાચારી પુત્રના રાજમાં નિષ્પક્ષ ચૂંટણી શક્ય નથી. મતદારોને લાખો રૂપીયા તથા નોકરીઓની લાલચ આપીને મતદારોને ઉપાડીને ચૂંટણી કરાવવા માંગે છે. જેથી તેવા ભ્રષ્ટાચારની તપાસને દબાવી શકાય.

જો સરકારશ્રી દ્વારા આવા ભ્રષ્ટાચારી ચેરમેનની જગ્યાએ વહીવટદાર મુકીને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં નહી આવે તો તા. ૧૬મીએ પશુપાલકો તાલુકા મથકે આવેદનપત્ર આપશે અને ૧૭મી તારીખે લાખો પશુપાલકોની હાજરીમાં મા. કલેક્ટર દિલીપ રાણાને આવેદનપત્ર આપવામાં આવશે. આવા ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડવા જલદ કાર્યક્રમો આપવામાં આવશે.

**''બનાસડેરી બચાવો સમિતિ કાંકરેજ''**



SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com